

# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૪૬ | જૂન - ૨૦૧૯ | પત્ર - ૭૭

## "પિતાનું સન્માન"




વર્ષ દરમિયાન જૂન મહિનામાં ''ફાધર્સ'' ડે ની ઉજવણી કરવામાં આવે છે. દરેક સંબંધિત દિવસની ઉજવણીનો હેતુ તેનું મહત્વ સમજી અને સન્માન કરવાનો છે. કોઈને પણ સન્માન આપીએ છીએ તેમાં સન્માનિત થનારના ગુણો, કાર્યો, ફરજો, મહેનત અને ખાસ વિશિષ્ટ બાબતોનો સમાવેશ થાય છે. પિતાને સન્માન આપવાની બાબતમાં પણ પિતાના ખાસ ગુણો, કાર્યો, મહેનત અને બાળકો પ્રત્યેના તેમના પ્રેમ, લાગણી અને ચિંતાઓને યાદ કરવા જોઈએ. બાળકો જ્યારે પિતાનું સન્માન કરતા હોય ત્યારે પિતાની કોઈ બાબત તેમને જણાવો. જેમ કે પિતા તમે મારા માટે ઉત્તમ છો, હંમેશા મને પ્રેરણા અને ઉત્તેજન આપો છો. મારી સર્વ બાબતનું તમે ધ્યાન રાખો છો. મારા ભવિષ્યની બાબતોનો પણ વિચાર કરો છો. પિતા તમે ખૂબ મહેનત કરો છો. ફૂલોના બુકેથી સન્માન આપતા સાથે તેમની ખાસ બાબતોને યાદ કરો અને તેમની કદર કરો.

પવિત્રશાસ્ત્ર બાઈબલ તરફ દૃષ્ટિ કરતાં જોઈ શકો છો કે પિતાઓ બાળકોને પ્રેમ કરે છે. જેમ કે ઉત્પત્તિ ૩૭:૩ યાકૂબ યુસુફ ઉપર પ્રિતી કરતો હતો. ઉત્પત્તિ ૨૨:૨ ઈબ્રાહીમ ઈસ્હાક પર પ્રિતી કરતો હતો. આમ પિતા પોતાના બાળકોને ખૂબ પ્રેમ કરે છે. બાળકો ઉપરના પ્રેમના કારણે તેઓ ખૂબ પરિશ્રમ પણ કરે છે. દા.ત. એક પિતા દરરોજ કામ પરથી રાત્રે ખૂબ મોડા આવતા હતા. બાળક સાથે સમય આપી શકતા ન હતા તેથી એક દિવસ બાળકે પિતાને કહ્યું કે પિતા આજના દિવસના પગારના પૈસા હું તમને આપીશ પણ મારી સાથે રહો પિતાએ જવાબ આપ્યો કે દિકરા મારી જેમ તારે દિવસ દરમિયાન આટલી બધી મહેનત ના કરવી પડે અને સારો અભ્યાસ કરી સારૂ કામ પ્રાપ્ત કર તેથી મોડા સુધી કામ કરું છું. એક પિતાને પોતાના બાળક પ્રત્યે કેટલો બધો પ્રેમ અને ચિંતા જોઈ શકીએ છીએ.

પિતા પ્રભુને ઓળખી ભજન કરનાર અને બાળકોને પણ તે માર્ગમાં દોરે છે. ૧ શમુએલ ૧:૩-૪ એલ્કનાહ દર વર્ષે બાળકો સાથે ભજન કરવા શીલોહમાં જતો હતો. બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાની બાબતમાં પણ પિતા ધ્યાન રાખે છે. લૂક ૨:૪૧-૫૨માં જોઈએ છીએ કે યુસુફ દર વર્ષ પાસ્ખાપર્વમાં જતાં અને બાળ ઈસુને લઈને જતા હતા.

પિતા હંમેશા પોતાના બાળકોની શુદ્ધતા અને પવિત્રતા માટે પ્રાર્થના કરે છે. પ્રભુ બાળકોને પ્રાયશ્ચિત હૃદય આપે અને પ્રભુની નજીક રહે માટે સતત પ્રાર્થના કરે છે. અયૂબ ૧:૫માં અયૂબ હંમેશા પોતાના બાળકો માટે દહનાર્પણ કરતો હતો.

આવો બાળકો તરીકે પિતાની સર્વ ખાસ બાબતોને યાદ કરી અને હૃદયથી, ફૂલોથી અને સાથે સારા શબ્દોથી સન્માન કરીએ.

## હેપ્પી ફાધર્સ ડે

## પાછલા કાર્યો તરફ દૃષ્ટિપાત

- તા. ૩ થી ૫' મે ૨૦૧૯ : દરમિયાન બિશપ એન.એલ. કરકરે સાહેબ અને મેડમ કમલ કરકરેના અધ્યક્ષતામાં મળેલ ગુજરાત રીજીનલ કૉન્ફરન્સના ૩૫માં અધિવેશનમાં લે-ડેલીગેટ શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન સાથે સ્ટર્લીન ગ્રીન વુડ રીસોર્ટ, અમદાવાદમાં હાજરી આપી.
- તા. ૦૫-૦૫-૨૦૧૯ સ્થાનિક મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરની ભજનસેવામાં શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલે સંચાલન કર્યું અને શ્રી રાજુભાઈએ ક્રિસ્ટીએ વચન આપ્યું
- તા. ૧૨-૦૫-૨૦૧૯ રવિવારની ભજનસેવામાં 'માતૃદિન'ની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી મંદાકીનીબહેન એલ. પેલ્મોરે સંચાલન કર્યું. અને ડિસ્ટ્રીક ઈવેન્જલીસ્ટ શ્રીમતી સુધાબેન વી. મેકવાને વચનની સેવા આપી. શ્રીમતી કમળાબેન કે. સોલંકીએ ઓળખાણ - આવકારમાં દોર્યા. ૬૫ વર્ષથી ઉપરના સર્વ બહેનોનું કલગી આપી સન્માન કરવામાં આવ્યું. બાળકોએ માતાઓને ગુલાબનું ફુલ આપી સન્માન કર્યું.
- આ ભજનસેવામાં કૉન્ફરન્સ વર્ષ માટે નિમાયેલ પાસ્ટોરેટ કમિટિના સભ્યોનું મીણબત્તી પ્રગટાવી પ્રાર્થના સાથે અર્પણ કરી શુભેચ્છા પાઠવવામાં આવી.
- ચિ. શૉન શેરીલ ક્રિશ્ચિયનના જન્મ દિવસ પ્રસંગે પ્રભુની આભાર-સ્તુતિ કરતાં સર્વ સભાજનોને આઈસ્ક્રીમ આપવામાં આવી. આભાર.
- પાસ્ટોરેટ કમિટીની મીટીંગ મળી. પાસ્ટોરેટ કમિટિમાં ચાર વર્ષ સેવા આપનાર સભ્યોનો આભાર માનવામાં આવ્યો.
- તા.૧૯-૦૫-૨૦૧૯ના રોજ ભજનસેવા બાદ શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાનના તા. ૨૦-૦૫-૨૦૧૯ના રોજ ૮૦ વર્ષ પૂર્ણ થતાં તથા શ્રી શરદભાઈ જે. માસ્ટરના જન્મ દિવસ પ્રસંગે પ્રભુનો આભાર માનતાં પરિવાર તરફથી સર્વ સભાજનો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.

- બેબી આન્યા એ. પેટ્રીકના જન્મ દિવસ પ્રસંગે સર્વ સભજનો માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા.૨૫-૦૫-૨૦૧૯ના રોજ સાંજના ૪-૦૦ કલાકે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટનું મહિલા અધિવેશન મળ્યું. જેમાં ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ શ્રીમતી સુધાબેન વી. મેકવાનની ડિસ્ટ્રીક્ટ મહિલા મંડળ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. તથા સાંજે ૫-૦૦ કલાકે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની ડિસ્ટ્રીક્ટ કૉન્ફરન્સ ડિ.સુ. રેવ. વિજય જે. મેકવાનના પ્રમુખપણા હેઠળ મળી. જેમાં. રેવ. જશવંત એચ.મેકવાનની ડિસ્ટ્રીક્ટ સેક્રેટરી તરીકે વરણી કરવામાં આવી.
- તા.૨૬-૦૫-૨૦૧૯ રવિવારની ભજનસેવા બાદ શ્રીમતી આશાબેન વરસડાની દિકરી ચિ. જીનલ ધો-૧૦ માં ડિસ્ટીકશન સાથે પાસ થતાં સર્વ સભાજનો માટે પ્રભુનો આભાર માનતાં આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી. આભાર.

## BIRTHDATES IN JUNE - 2019

| તારીખ | નામ | તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|---|---|
| ૦૧ | હેમલત્તાબેન શરદકુમાર વાઘેલા | ૧૬ | તનય શરદભાઈ વાઘેલા | ૨૨ | સારાહબેન એફ. ટેલર |
| ૦૨ | શ્રેયા પી. અમીન | ૧૭ | મોનિકા ઈમાનુએલ ખ્રિસ્તી | ૨૨ | યશ સુનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૦૩ | સ્મિતાબેન જેમ્સ ક્રિશ્ચિયન | ૨૦ | ચિરાગ જી. વરસડા | ૨૨ | જોની ડિકોસ્ટીન ચૌહાણ (ન્યૂઝીલેન્ડ) |
| ૦૩ | ભારતીબેન એ. ક્રિશ્ચિયન | ૨૦ | ઈન્દુબેન કિરણકુમાર વિશ્રામ | ૨૪ | પ્રતિક્ષાબેન નિલેશભાઈ પરીખ |
| ૦૫ | મેરેલીન ઈમાનુએલ ખ્રિસ્તી | ૨૦ | લિનિયસભાઈ એસ. પેલમોર | ૨૭ | ઓનિલ આર્થર પેટ્રિક |
| ૦૬ | બ્રાયન ડોનાલ્ડ મેકવાન (U.S.A.) | ૨૧ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન | ૨૯ | ડીકસન આર્ચીબોલ્ડ હેરી |
| ૧૧ | સુજન નોએલ ક્રિશ્ચિયન | ૨૧ | વેનિસા વિનોદભાઈ રાઠોડ | ૩૦ | સુનંદાબેન વિક્ટરભાઈ મેકવાન |
| ૧૫ | રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી | ૨૧ | સેમ્યુલભાઈ એમ. ડેવિડ | | |
| ૧૬ | સિલીયાબેન એસ. મેકવાન | ૨૧ | કેરોલ ફિલીપભાઈ રાઠોડ | | |




## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | |
|---|---|---|
| કુ. લીનાબેન બી. બોરકર | બર્થ ડે | ૩૦૦/- |
| શ્રીમતી શુશીલાબેન એસ.ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રી નીલેશભાઈ આર. રાઠોડ | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહિલ | બર્થ ડે | ૨૦૦/- |
| ચિ.સેલીના એફ. ગોહિલ | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી જૉય અરવિંદભાઈ ખ્રિસ્તી | આ.સ્તુતિ | ૫૧૩૦/- |
| કુ. એની એ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦/- |
| કુ. શાલીન એસ. ગામડીયા (ટુ વ્હીલર ખરીધ્યું.) | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રી રેનોલ્ડ એન. ક્રિશ્ચિયન યુ.એસ.એ. સર્વિસનું એક વર્ષ પૂર્ણ થતાં. | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | બર્થ ડે | ૫૦૦/- |
| ચિ.જેસન જીમી. ડેવિડ | બર્થ ડે | ૨૦૦/- |
| કુ. અમીન શ્રેયા પી. | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી શુસીલાબેન એસ. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૧૦૦/- |
| બેબી આન્યા ઓનિલભાઈ પેટ્રીક | બર્થ ડે | ૧૦૦૦/- |
| શ્રીમતી આગ્નેશબેન જે.મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી શરદભાઈ જે. માસ્ટર | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી પ્રિમાબેન એસ. માસ્ટર | બર્થ ડે | ૫૦૦/- |
| કુ. ક્રિસ્ટીના એફ. ગોહિલ | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી કલ્પનાબેન એસ.મેકવાન | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી અરૂણાબેન એસ. ગામડીયા | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી રીયાન કલેરેન્સ સોલંકી | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રી નિલેશભાઈ એસ.ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૫૦૦/- |

## જાહેરાતો

૧. આ વર્ષ બાઈબલ વર્ષ તરીકે ઉજવતાં આપ સર્વ બાઈબલ વાંચન - પ્રાર્થનામાં રહેશો.
૨. દર રવિવારે કુટુંબ સહિત સવારે ૯-૦૦ કલાકે ભજનસેવામાં હાજરી આપો. બાળકોને સન્ડે - સ્કુલમાં બેસવા ઉત્તેજન આપો.
૩. દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
૪. મહિનાના પ્રથમ બુધવારે સાંજે ૮-૦૦ કલાકે હાજરી આપો. શ્રીમતી શશીબેન એસ. ક્રિશ્ચિયના ઘરે પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
૫. પ્રભુ તરફથી મળતા આત્મિક-ભૌતિક, જન્મ દિવસ - લગ્ન દિવસ, સાજાપણું અને સફળતાના આશીર્વાદોને યાદ કરી આભાર - સ્તુતિના દાન આપવાનું ચાલુ રાખશો.
૬. દર મહિનાના બીજા રવિવારે ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટિ મળશે.

## નાણાંકીય અહેવાલ એપ્રિલ - ૨૦૧૯

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૪-૧૯ની ઉઘડતી સિલક | રોકડ | ૭૫૨૫.૮૮ |
| | બેંક | ૫,૧૬,૩૨૨.૬૬ |
| તા.૩૦-૦૪-૧૯ સુધીની આવક | | ૧,૩૧,૭૪૫.૦૦ |
| | કુલ | ૬,૫૫,૫૯૩.૫૪ |
| તા. ૩૦-૦૪-૧૯ ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૬૪૫.૮૮ |
| | બેંકમાં | ૨,૩૪,૮૮૪.૬૬ |
| તા.૩૦-૦૪-૧૯ સુધીનો ખર્ચ | | ૪૧,૮૦,૬૩.૦૦ |
| | કુલ | ૬,૫૫,૫૯૩.૫૪ |

શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન, ટ્રેઝરર